


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 191
Dt.: 17-05-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ગાઝા પર ફરી ભયાનક હવાઈ હુમલો

## ઈઝરાયલનો ગાઝા પર ફરી ભયાનક હુમલો, ૯૩ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈઝરાયલ

હમાસ સાથે યુદ્ધ કરી રહેલા ઈઝરાયલે ગાઝા પર ફરી ભયાનક હવાઈ હુમલા કર્યા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૯૩ લોકોના મોત થયા હોવાના તેમજ અનેક લોકો કાટમાળ નીચે દબાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે.

મીડિયા રિપોર્ટ મુજબ એક પત્રકારે ઈન્ડોનેશિયન હોસ્પિટલમાં ૯૩ મૃતદેહોની ગણતરી થઈ હોવાની પુષ્ટી કરી છે. જ્યારે ઈજાગ્રસ્તો અને બચાવ કર્મચારીઓએ કહ્યું કે, અનેક લોકો કાટમાળ નીચે દબાયા છે.

ઈઝરાયલે ગાઝા પર સતત ત્રીજા દિવસે ઘાતક હવાઈ હુમલા કર્યા છે. આ પહેલા તેણે દક્ષિણ ગાઝાના ખાન યુનિસ શહેર પર ગુરુવારે (૧૫ મે) ભયાનક હુમલા કર્યા હતા, જેમાં ૫૪ લોકોના મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે બુધવારે (૧૪ મે) ઉત્તર અને દક્ષિમ ગાઝામાં કરાયેલા હુમલામાં બે ડઝન બાળકો સહિત ૭૦ લોકોના મોત થયા હતા.

ઉલ્લેખનીય છે કે, સાત ઓક્ટોબર-૨૦૨૩ના રોજ હમાસે દક્ષિણ ઈઝરાયલ પર હુમલો કરી ૧૨૦૦ લોકોને મારી નાખ્યા હતા. જવાબમાં ઈઝરાયલ ગાઝામાં સતત લશ્કરી કાર્યવાહી કરી હમાસના આતંકવાદીઓને નિશાન બનાવી રહ્યું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં લગભગ ૫૩,૦૦૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લાખો લોકોને વિસ્થાપિત થવા મજબૂત થવું પડ્યું છે.

### ભાજપની ચોઈસ શશિ થરુર, કોંગ્રેસ પાર્ટી ચિંતામાં

## દુનિયાભરમાં જઈને પાકિસ્તાનની પોલ ખોલશે મોદી સરકાર

**કેન્દ્ર સરકારે ખરગે સાથે વાત કરી પાકિસ્તાન વિરુદ્ધ દુનિયામાં મોકલનારા સાંસદોના પ્રતિનિધિમંડળ માટે નામ માગશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર બાદ કેન્દ્ર સરકાર પાકિસ્તાનને કૂટનીતિમાં ઘેરવા માટે એક ઓલ પાર્ટી ડેલિગેશન બનાવા જઈ રહી છે. આ ડેલિગેશન દુનિયાભરના દેશોમાં જઈને પહલગામ હુમલો અને ત્યાર બાદ પાકિસ્તાન પર કરેલા ઓપરેશન સિંદૂરને લઈને જૂઠાણાની પોલ ખોલશે. કેન્દ્ર સરકારે કોંગ્રેસ પાર્ટી અધ્યક્ષ ખરગે સાથે વાત કરી પાકિસ્તાન વિરુદ્ધ દુનિયાભરમાં મોકલનારા સાંસદોના પ્રતિનિધિમંડળ માટે નામ માગશે.

એવા સમાચાર મળી રહ્યા છે કે વિદેશ જતાં સાંસદોના પ્રતિનિધિમંડળ માટે શશિ થરુરને રાખવાના પક્ષમાં કેન્દ્ર સરકાર છે. સરકાર તરફથી થરુરને મોકલવાની વાત થઈ છે. જે બાદ કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે, સભ્યોની પસંદગી કોંગ્રેસનો આંતરિક મામલો છે અને પાર્ટીનું નેતૃત્વ એ નક્કી કરશે.

જો કે આંતરરાષ્ટ્રીય બાબતોની સમક્ષ અને યુએન કાર્યાકાળ જોતા થરુરને ન મોકલવાનો નિર્ણય લેવો મુશ્કેલ છે. થરુરનું નામ કોંગ્રેસ સાંસદોની યાદીમાં સામેલ કરવું કે નહીં તે ટૂંક સમયમાં નક્કી થશે. પાર્ટીના અમુક નેતા થરુરને મોદી સરકારના સમર્થનમાં સતત નિવેદનથી નારાજ છે. પાકિસ્તાન સાથે તણાવના સમયે પણ થરુરે કોંગ્રેસ પાર્ટીની લાઈનથી અલગ નિવેદન આપ્યું હતું. જેને લઈને હોબાળો થયો. કોંગ્રેસના કેટલાય રણનીતિકાર વિદેશ જનારા સાંસદોના પ્રતિનિધિમંડળમાં થરુરને રાખવાના પક્ષમાં નથી. આ સાંસદોનો તર્ક છે કે, થરુરે પાકિસ્તાન સાથે સંઘર્ષ દરમ્યાન પાર્ટી લાઈનથી હટીને નિવેદન આપ્યા હતા. એટલું જ નહીં સંઘર્ષ વિરામ બાદ આખી પાર્ટી પીએમ પાસે અમેરિકાના વલણને લઈને સવાલો પૂછી રહી હતી અને ઈંદિરા ગાંધીને આયરન લેડી તરીકે બતાવીને કોંગ્રેસ કેમ્પેઈન ચલાવી રહી હતી, ત્યારે પણ થરુરે તેને ઓછું આંકવાનો પ્રયાસ કર્યો હતો.

કદાચ સરકારને આની ખબર હતી એટલે ખડગે સાથે વાતચીતમાં સરકાર તરફથી થરુરને મોકલવાની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ પાર્ટીએ કહ્યું કે કોંગ્રેસના સભ્યોની પસંદગી એનો આંતરિક મામલો છે અને પાર્ટીનું નેતૃત્વ નક્કી કરશે. જોકે થરુરની આંતરરાષ્ટ્રીય મામલાઓની સમજ અને તેમનો ૈદ્ર કાર્યકાળને ધ્યાનમાં રાખીને તેમને ન મોકલવાનો નિર્ણય લેવો મુશ્કેલ છે. જલ્દી જ નક્કી થશે કે થરુરનું નામ કોંગ્રેસ સાંસદોની યાદીમાં સામેલ કરવું કે નહીં.

પાર્ટીના કેટલાક નેતાઓ થરુરના મોદી સરકારના સમર્થનમાં સતત નિવેદનોથી અસંતોષ છે અને પાકિસ્તાન સાથેના તણાવના સમયે પણ તેમણે પાર્ટી લાઈનથી અલગ નિવેદન આપ્યું હતું, જેને લઈને વિવાદ થયો હતો. તાજેતરના દિવસોમાં થરુરને અનેક પ્રસંગોએ PM સાથે ગરમજોશીથી મળતા જોયા ગયા છે, જેના કારણે તેમના BJP સાથેની નજીકીની અટકળો લગાવવામાં આવી રહી છે.

### આવી ગઈ કોરોનાની નવી લહેર!

## હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસ મળી આવ્યા

**પૂરા થયેલા સપ્તાહમાં ૨૮ ટકાના નોંધપાત્ર વધારા સાથે પાછલા સાત દિવસની તુલનામાં ૧૪,૨૦૦ થયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)હોંગકોંગ

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોવિડ-૧૯ ફરી એકવાર આવી ગયો છે. એશિયામાં હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસ મળી આવ્યા છે. કેસોમાં વધારો એશિયામાં કોરોનાવાયરસની લહેરના ઉભરવાનો સંકેત આપે છે. આરોગ્ય અધિકારીઓ પણ આ અંગે ચિંતિત હોય તેવું લાગે છે. હોંગકોંગ સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શનના ચેપી રોગ શાખાના વડા આલ્બર્ટ ઓ અનુસાર, હોંગકોંગમાં વાયરસની પ્રવૃત્તિ મોટા પાયે પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની ટકાવારી એક વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. ડેટા ગંભીર કેસોમાં ચિંતાજનક વધારો દર્શાવે છે, જેમાં મૃત્યુનો પણ સમાવેશ થાય છે, જે લગભગ એક વર્ષમાં તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૩૧ કેસ નોંધાયા હતા.કોન્સર્ટના સત્તાવાર વેઈબો એકાઉન્ટ પરની એક પોસ્ટ અનુસાર, હોંગકોંગના ગાયક ઈસન ચાને કોવિડ-૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યા બાદ, આ સપ્તાહના અંતે તાઈવાનના કાઓહસુંગમાં યોજાવાનો તેમનો મ્યૂઝીક કોન્સર્ટ રદ કર્યો છે. સિંગાપોર પણ હાઈ એલર્ટ પર છે. આરોગ્ય મંત્રાલયે આ મહિને લગભગ એક વર્ષમાં ચેપના આંકડા અંગેનો પ્રથમ અપડેટ જાહેર કર્યો હતો, જેમાં અંદાજિત કેસ ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૨૮ ટકાના નોંધપાત્ર વધારા સાથે પાછલા સાત દિવસની તુલનામાં ૧૪,૨૦૦ થયા છે. હોસ્પિટલમાં દાખલ થવાની સંખ્યામાં પણ લગભગ ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો. સિંગાપોરના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં એવા કોઈ સંકેત નથી કે ફરતા વેરિઅન્ટ્સ વધુ ચેપી છે અથવા રોગચાળા દરમિયાન કરતાં વધુ ગંભીર કેસોનું કારણ બને છે. સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં શ્વાસના વાયરસ વધુ સક્રિય હોય છે, પરંતુ આ વખતે ઉનાળાની શરૂઆતમાં કોરોનાના કેસ વધવા લાગ્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કોવિડ-૧૯ ઉનાળામાં પણ ફેલાઈ શકે છે અને મોટી સંખ્યામાં લોકોને અસર કરી શકે છે.

## બે મોટા ઓપરેશનમાં કાશ્મીરમાં ૬ આતંકવાદીઓને ઠાર કરાયાઃ ભારતીય સેનાનું સત્તાવાર નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

પહલગામ આતંકવાદી હુમલા બાદથી જે સેના દ્વારા એક બાદ એક આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

એવામાં આજે ભારતીય સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદ કરવામાં આવી હતી જેમાં જાણકારી આપવામાં આવી છે કે જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૪૮ કલાકમાં બે મોટા ઓપરેશન હેઠળ છ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. સેનાએ જણાવ્યું છે કે કાશ્મીરના ત્રાલ અને શોપિયાંમાં બે ઓપરેશન ચલાવવામાં આવ્યા. એક ઓપરેશન ગ્રામીણ વિસ્તારમાં હતું જ્યારે બીજું પહાડી વિસ્તારમાં. કુલ છ આતંકવાદીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. સેનાએ જણાવ્યું છે કે આ જ રીતે કાશ્મીરમાંથી આતંકવાદીઓનો સફાયો કરવામાં આવશે. સુરક્ષાદળો વચ્ચે સામંજસ્ય ખૂબ સારું રહ્યું જેના કારણે ઓપરેશન સફળ રહ્યું. લોકોનો પણ સારો સહયોગ મળ્યો તેથી તેમનો પણ આભાર.

નોંધનીય છે કે સેનાએ અગાઉ પાકિસ્તાન તથા પીઓકે સ્થિત આતંકવાદીઓના અડ્ડા નષ્ટ કરવા માટે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું અને ૧૦૦થી વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. આટલું જ નહીં ઓપરેશન બાદ પાકિસ્તાન દ્વારા કરાયેલા હુમલાથી પણ સેનાએ દેશને બચાવ્યો અને તમામ સૈન્ય ઠેકાણા સુરક્ષિત રહ્યા.

### આટલી જ ચિંતા હોય તો પોતે કેમ કશું નથી કરતાં?

## રોહિંગ્યાઓને શરણ આપવાની માગ પર સુપ્રીમ કોર્ટની ફટકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાંથી રોહિંગ્યા શરણાર્થીઓને બળજબરીથી ન નીકાળવાની અરજી મામલે સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી હાથ ધરીને મહત્ત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે અરજદારોને કહ્યું છે કે, જ્યારે દેશ આટલા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હોય છે, ત્યારે તમે આવા કાલ્પનિક વિચારો લઈને આવો છો. આ સાથે કોર્ટે શરણાર્થીઓનો બળજબરીથી દેશનિકાલ અટકાવવા પર વચગાળાનો સ્ટે લગાવવાનો ઈન્કાર કરી દીધો છે.

આ કેસની સુનાવણી કરનાર ન્યાયાધીશ સૂર્યકાંતે અરજદારને કહ્યું કે, તમે દરરોજ એક નવી વાત લઈને આવો છો. દેશ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે અને તમે કાલ્પનિક વાતો લઈને કોર્ટમાં આવી જાવ છો. કોર્ટે તમને એકવાર રાહત આપી તો તમે વારંવાર નવી વાતો લઈને કોર્ટમાં આવી જાવ છો. જો તમને આટલી જ ચિંતા હોય તો તમે પોતે ગરીબો માટે કેમ કંઈ કરતા નથી?

સુપ્રીમ કોર્ટે આજે જે અરજી પર સુનાવણી હાથ ધરી, તેની સાથે કોર્ટના ત્રણ ન્યાયાધીશોની બેંચ સમક્ષ અન્ય પેન્ડિંગ અરજી પણ જોડી છે. હવે આ માલમે ૩૧ જુલાઈએ સુનાવણી હાથ ધરાશે. આ સાથે કોર્ટે વકીલને રજૂ કરાયેલા દાવા સાથે પુરાવા પણ રજુ કરવા આદેશ આપ્યો છે. કોર્ટે ડિપોર્ટ પર વચગાળાની સુરક્ષા આપવાનો ઈન્કાર કરી દીધો છે. અરજીમાં ભારત સરકાર પર બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને ગંભીર આરોગ્ય પીડિતો સહિત ૪૩ રોહિંગ્યા શરણાર્થીને બળજબરીથી મ્યાનમાર મોકલવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, જેના પર સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, દેશમાં પુરાવાનો એક જાણીતો કાયદો છે. કોર્ટે અરજદારના વકીલને કહ્યું કે, તમારી પાસેથી આવી માહિતી ક્યાંથી આવી અને તમને કોણે કહ્યું કે, આ બાબતે મને વ્યક્તિગત માહિતી છે. વકીલે કોર્ટ પર દબાણ કરવાનો પ્રયાસ કર્યો છે. વકીલે અરજીમાં એવું કહ્યું છે કે, ૩૮ લોકોનો દેશનિકાલ કરવામાં આવ્યો અને તેઓને અંદામાન લઈ જવાયા અને દરિયામાં ફેંકી દેવાયા. તેઓ હવે યુદ્ધ ક્ષેત્રમાં છે.

વકીલની દલીલ પર કોર્ટે કહ્યું કે, 'જે વ્યક્તિઓ સાથે આ ઘટના બની છે, તેઓને કોને જોયા ? કોણે વીડિયો રેકોર્ડ કર્યો? અરજદાર કેવી રીતે પરત આવી શક્યો ? તેણે કહ્યું કે, તે ત્યાં હતો.' કોર્ટે કહ્યું કે, કોર્ટમાં આવ્યા પહેલા પુરાવા એકત્ર કરીને લાવો. અમે બહાર બેસી રહેલા લોકોને અમારી સંપ્રભુતા પર આદેશ આપવા નહીં દઈએ.

### અમેરિકાથી ભારત નાણાં મોકલવા મોંઘા પડી શકે

## ટ્રમ્પના નવા બિલથી NRIને અબજોના નુકસાનની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની તિજોરી ભરવા માટે ૫ % રેમિટન્સ ટેક્સનો પ્રસ્તાવ મૂક્યો છે. ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ નામના બિલ હેઠળ લાગુ પડનાર આ ટેક્સ અમેરિકામાં વસતા વિદેશી નાગરિકો દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર લાગશે. આ યોજના અમલમાં મુકાઈ તો એનો સૌથી મોટો ગેરફાયદો ભારતીયોને થશે, કેમ કે વૈશ્વિક સ્તરે ભારતીયો જ વતનમાં સૌથી વધુ નાણાં મોકલનારી પ્રજા છે. અમેરિકાનો વહીવટી ખર્ચ ઓછો કરીને દેશની આવક વધે એવા અનેક પગલાં ટ્રમ્પ લઈ રહ્યા છે. એમાંનું તાજું પગલું તે આ ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ. પ્રાસ્તાવિક બિલમાં અમેરિકન નાગરિક ન હોય એવા વિદેશીઓ દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર ૫ % રેમિટન્સ ટેક્સ વસૂલવાની દરખાસ્ત મુકાઈ છે. ફક્ત રોકડ જ નહીં, કોઈપણ ફોર્મમાં મોકલાતી નાણાંકીય સહાયને આ ટેક્સ લાગુ પડશે. આ બિલ અંતર્ગત કોઈ લઘુત્તમ મુક્તિ મર્યાદા પ્રસ્તાવિત કરવામાં આવી નથી. ટ્રાન્સફર નાના મૂલ્યનું હશે તોપણ રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. ભારતમાં વસતા પરિજનો માટે મ્યુચ્યુઅલ ફંડ્સમાં સાધારણ રોકાણ માટે મોકલવામાં આવેલા નાણાં પર પણ ૫ ટકાના દરે ટેક્સ લાગશે. શિક્ષણ, આરોગ્યસંભાળ અથવા કટોકટી સહાય માટે મોકલવામાં આવેલા ભંડોળ પર પણ સમાન ટેક્સ લાગશે. અમેરિકાના આ પગલાંથી દુનિયાભરના દેશો પ્રભાવિત થશે. એમાંય સૌથી વધુ અસર ભારતને થશે, કેમ કે આખી દુનિયામાં વતનમાં સૌથી વધુ નાણાં મોકલતી પ્રજા ભારતીય જ છે. આ સંદર્ભે થોડા આંકડા પર એક નજર નાંખીએ.

● ભારતને સૌથી વધુ રેમિટન્સ અમેરિકામાંથી મળે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે વિશ્વના તમામ દેશોમાંથી કુલ ૧૧૮.૭ બિલિયન ડોલર (૧૦૧૬૯ અબજ રૂપિયા) રેમિટન્સ મેળવ્યા હતા, જેમાંના આશરે ૨૮ ટકા એટલે કે ૩૨ બિલિયન ડોલર (૨૭૪૦ અબજ રૂપિયા) એકલા અમેરિકામાંથી આવ્યા હતા. મળેલ રકમ પર જો ૫ % રેમિટન્સ ટેક્સ લગાવવામાં આવે તો ભારતને ૧.૬ બિલિયન ડોલર (૧૩૭ અબજ રૂપિયા)ની ખોટ જાય.

● ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર અમેરિકામાં લગભગ ૪૫ લાખ ભારતીયો રહે છે, જેમાંના લગભગ ૩૨ લાખ ભારતીયો H-1B અને L-1 જેવા અસ્થાયી વર્ક વિઝા પર કામ કરે છે અથવા તો ગ્રીન કાર્ડ ધારકો છે, જેમને હજુ સુધી અમેરિકાની નાગરિકતા પ્રાપ્ત નથી થઈ. ૫ % રેમિટન્સ ટેક્સ લગાવવામાં આવે તો એ તમામ ભારતીયોને અસર થશે.

વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે રેમિટન્સનો આંકડો ૬૮૫ બિલિયન ડોલર (૫૮૬૮૧ અબજ રૂપિયા) જેટલો હતો. ભારત ૨૫ વર્ષથી વધુ સમયથી રેમિટન્સ મેળવનારા દેશોમાં ટોચના સ્થાને રહેતું આવ્યું છે. ભારતને મળતા આ નાણાંપ્રવાહમાં મોટાભાગનો હિસ્સો ઉત્તર અમેરિકા, યુરોપ અને મધ્ય-પૂર્વના દેશોમાંથી આવે છે. વર્ષ ૨૦૨૪માં ભારતની રેમિટન્સ વૃદ્ધિ ૧૭.૪ ટકાની હતી, જે વૈશ્વિક સરેરાશ ૫.૮ ટકા કરતાં ક્યાંય વધુ છે. ભારત પછી બીજા ક્રમે આવતા મેક્સિકોને વાર્ષિક ૬૮ બિલિયન ડોલર (૫૮૨૫ રૂપિયા) મળે છે, જે ભારતને મળતા રેમિટન્સ કરતાં લગભગ અડધું છે. ૪૮ બિલિયન ડોલર (૪૧૧૨ રૂપિયા) સાથે ચીન ત્રીજા ક્રમે આવે છે. ઓછી અને મધ્યમ આવક ધરાવતા વિકાસશીલ દેશો માટે સમૃદ્ધ દેશોમાંથી આવતું રેમિટન્સ આવકનો નિર્ણાયક સ્રોત રહ્યો છે. એ દેશોમાં ગરીબી ઘટાડવા, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રે આગળ આવવા માટે રેમિટન્સ મહત્ત્વનો સ્રોત હોવાથી અમેરિકાના આ નવા ટેક્સથી એવા દેશોનો વિકાસ રુંધાશે. અમેરિકામાં રહેતા વિવિધ વંશીય જૂથો દ્વારા રેમિટન્સ ટેક્સનો વિરોધ અને ટીકા થઈ રહ્યાં છે. તેમનું કહેવું છે કે રેમિટન્સ એ લક્ઝરી નથી, એ લાખો લોકો માટે જીવનરેખા છે. વિદેશી નાગરિકો એવી દલીલ કરી રહ્યા છે કે, અમે અમેરિકામાં રહીને એના અર્થતંત્રને આગળ ધપાવીએ છીએ, અહીંની વ્યવસ્થા જાળવીએ છીએ, કાયદાનું પાલન પણ કરીએ છીએ અને આવકવેરો પણ ચૂકવીએ છીએ, તો પછી આ નવો રેમિટન્સ ટેક્સ અમારા માથે શું કરવા નાંખવામાં આવી રહ્યો છે?

રેમિટન્સ ટેક્સ લાગુ કરવા બાબતે ટ્રમ્પ ઝડપ કરાવી રહ્યા છે. 'યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' આગામી ૨૬ મે ના રોજ આવી રહેલા 'મેમોરિયલ ડે' સુધીમાં બિલ પસાર કરી દેવા માગે છે. ત્યારબાદ બિલને મંજૂરી માટે સેનેટમાં મોકલાશે. જો બધું સમુસુથરું પાર પડશે તો ટ્રમ્પ વહીવટીતંત્ર આ બિલ અમેરિકાના સ્વતંત્રતા દિવસ એટલે કે ૪થી જુલાઈના રોજથી આ કાયદો લાગુ કરી દેવા માંગે છે, જેથી એને રાષ્ટ્રભક્તિનું લેબલ પણ લગાવી શકાય. રેમિટન્સ ટેક્સ લાગુ પડશે તો નુકશાન થશે, એવી ભીતિમાં સલાહકારો અમેરિકામાં વસતા વિદેશીઓને એવી સલાહ આપી રહ્યા છે કે, તમારી બચતના જેટલા બને એટલા વધુ નાણાં જુલાઈ મહિના પહેલાં વતન મોકલી દો, જેથી આ ટેક્સ ચૂકવવામાંથી તમે બચી શકો. જો ભારતીયો આ સલાહને અનુસરે તો ભારતને મળતા રેમિટન્સમાં એકાએક ધરખમ વધારો થઈ જશે.




# તંત્રી લેખ......

## ચીનની પોલ ખૂલી

ભારત સાથે સૈન્ય ટકરાવમાં પોતાના જૂના મિત્ર પાકિસ્તાન ધોબીપછાડ ખાવાથી ચીન કેટલી હદે ગિન્નાયું છે, તેની ખબર એનાથી પડે છે કે તેણે અરુણાચલના ૨૭ સ્થળોને ચીની નામ આપી દીધાં. તેમાં આવાસીય ક્ષેત્રોની સાથે પહાડ અને નદીઓ પણ છે. એ ધ્યાન રહે કે અરુણાચલને તે પહેલાં જ ચીની નામ આપી ચૂક્યું છે. શું એ હાસ્યાસ્પદ નથી કે પહેલાં તો તેણે અરુણાચલને ચીની નામ આપ્યું અને પછી તેના અલગ-અલગ ક્ષેત્રોનું નવું નામકરણ કરી રહ્યું છે? સ્પષ્ટ છેકે તે ખીજ મિટાવવા માટે પોતાની બાલિશ હરકતોથી ભારતને ઉશ્કેરવા માગે છે. તે એવી હરકતો પહેલાં પણ કરતું રહ્યું છે. કદાચ તેને એવો ભ્રમ થઈ ગયો છે કે અરુણાચલના એક સાથે ૨૭ સ્થળોને ચીની નામ આપવાથી ભારત દબાણમાં આવી જશે. એવું તો બિલકુલ નથી થવાનું અને ઉપરથી ભારતે એ નિષ્કર્ષ પર પહોંચવામાં આસાની રહેશે કે તે એટલું જ દગાબાજ છે જેટલું પાકિસ્તાન. ચીને પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરના તાપથી બચાવવા માટે હરસંભવ કોશિશ કરી, પરંતુ તે નિષ્ફળ રહ્યું. બીજા દરજ્જાના ચીની હથિયારો પાકિસ્તાન માટે મુસીબત બની ગયાં અને તે એટલું અસહાય થઈ ગયું કે તેણે અમેરિકાને અરજ કરવી પડી.

ચીન એટલા માટે વધારે ગિન્નાયું છે, કારણ કે ભારતે તેની એર ડિફેન્સ સિસ્ટમ, ડ્રોન, મિસાઈલ વગેરેની એટલી હદે પોલ ખોલી નાખી કે હવે તેના માટે દુનિયાના ગરીબ દેશોને પોતાનાં હથિયાર વેચવાં મુશ્કેલ થશે. પાકિસ્તાને જે ચીની મિસાઈલનો ઉપયોગ કર્યો હતો, તેને ભારતે નિષ્ફળ બનાવી દીધી. તેના પરિણામે આ મિસાઈલનું નિર્માણ કરનારી ચીની કંપનીના શેર ગગડી ગયા. ભારતીય સેનાએ પાકિસ્તાનની સાથે જ ચીન પર પણ ભારે આઘાત કર્યો છે, તેથી તે સૂઝી નથી રહ્યું કે તે પોતાની ખીજ કેવી રીતે દૂર કરે. એ ઠીક છે કે ભારતે ચીનની હરકત પર એવો જવાબ આપ્યો કે તેનાથી સચ્ચાઈ બદલાવાની નથી, પરંતુ તેના વિરુદ્ધ બીજું ઘણું પણ કરવું પડશે. દાખલા તરીકે દક્ષિણ ચીન સાગરને દક્ષિણ પૂર્વ એશિયા સાગર કહેવો પડશે. ભારતે વન ચાઈના સાથે પોતાની તિબેટ નીતિ પર પણ નવેસરથી વિચાર કરવો પડશે. તેનાથી પણ જરૂરી વાત એ છે કે ચીની વસ્તુઓ પર નિર્ભરતા ઘટાડવી પડશે. એ અફસોસની વાત છે કે મેક ઈન ઈન્ડિયા અભિયાન અને ભારતને આત્મનિર્ભર બનાવવાની પહેલ બાદ પણ ચીની આયાતમાં ઘટાડો કેમ નથી કરી શકાતો? એવું કેમ નથી થઈ રહ્યું, એના પર સરકારની સાથે આપણા ઉદ્યોગ જગતે પણ ગંભીરતાથી વિચારવું પડશે. કારણ કે વિશ્વના અનેક દેશો કોવિડ મહામારી બાદથી જ ચીન પ્લસ વન નીતિને ઉત્તેજન આપી રહ્યા છે. તે અંતર્ગત તેઓ ચીન પર પોતાની નિર્ભરતા ઓછી કરવા માગે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૧૪૫ અને ચાંદીના વાયદામાં રૂ.૧૦૪૦નો કડાકોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૦નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૫૧૦.૪૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૫૫૦૬.૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૫૮૫૧.૩૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૪૯૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૫૦૧૭.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૫૧૦.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૫૫૦૬.૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૨૧૪૯૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૮૭.૨૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૮૫૧.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨૮૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૫૫૦ અને નીચામાં રૂ.૯૧૯૯૨ના મથાળે અથડાઈ, રૂ.૯૩૧૬૯ના આગલા બંધ સામે રૂ.૧૧૪૫ ઘટી રૂ.૯૨૦૨૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૨૬ ઘટી રૂ.૭૪૩૨૮ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૩ ઘટી રૂ.૯૩૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૬ ઘટી રૂ.૯૨૦૮૯ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩૦૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૬૮૯ અને નીચામાં રૂ.૯૨૨૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૩૩૩૦ના આગલા બંધ સામે રૂ.૧૦૩૦ ઘટી રૂ.૯૨૩૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૫૭૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૧૦૦ અને નીચામાં રૂ.૯૪૮૧૮ના મથાળે અથડાઈ, રૂ.૯૫૯૧૫ના આગલા બંધ સામે રૂ.૧૦૪૦ ઘટી રૂ.૯૪૮૭૫ના ભાવે બોલાયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૯૫૯ ઘટી રૂ.૯૪૯૪૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૯૫૪ ઘટી રૂ.૯૪૯૫૬ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૭૪૪.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૫૨૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૩૭ અને નીચામાં રૂ.૫૨૪૧ના મથાળે અથડાઈ, રૂ.૫૨૭૧ના આગલા બંધ સામે રૂ.૨૦ વધી રૂ.૫૨૯૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૭ વધી રૂ.૫૨૮૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૫ ઘટી રૂ.૨૮૫.૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૬.૭ ઘટી રૂ.૨૮૫.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૧૧.૧ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૯૦૮.૪ થયો હતો. કોટન ખાંડી મે વાયદો ખાંડીદીઠ રૂ.૪૬૦ ઘટી રૂ.૫૩૯૯૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૪૭૮.૮૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૩૭૨.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૧૪.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૨૯.૭૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૮૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૭૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૬૬૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૦૯૮૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૬૩૪૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૨૪૩૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૫૨૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૫૧૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૬૬૪૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૧૫૫૧ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૬૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૦૩૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૨૧૪૯૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૧૬૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૪૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫ પોઈન્ટ ઘટી ૨૧૪૯૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૪ વધી રૂ.૨૦૭.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૯.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૯૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૫.૫ ઘટી રૂ.૮૯૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૨ ઘટી રૂ.૨૪૩૬ થયો હતો. તાંબું મે રૂ.૮૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૫ ઘટી રૂ.૮.૭૧ થયો હતો. જસત મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા ઘટી રૂ.૧.૮૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૬ ઘટી રૂ.૩૨.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૯.૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૯૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૭.૫ ઘટી રૂ.૯૧૪ થયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૪.૫ ઘટી રૂ.૨૨૧૦.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૪ ઘટી રૂ.૧૯૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬ વધી રૂ.૧૩.૯૫ થયો હતો.

સોનું મે રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૬ વધી રૂ.૧૧૮૯ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૮૯ વધી રૂ.૨૯૨૨ થયો હતો. તાંબું મે રૂ.૮૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૯ પૈસા વધી રૂ.૭.૨૯ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૨ પૈસા વધી રૂ.૧.૪૯ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૯૫ ઘટી રૂ.૧૯૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩ વધી રૂ.૧૭.૨ થયો હતો. સોનું-મિની મે રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૧.૫ વધી રૂ.૧૨૦૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૨ વધી રૂ.૨૬૮૨ના ભાવે બોલાયો હતો.

### વ્યાજખોરીના દૂષણને ડામવા બારીક તપાસને અંતે કરેલી આ કડક કાર્યવાહી

# દેશના ઈતિહાસમાં પ્રથમવાર વ્યાજખોરોની મિલ્કત જપ્તઃ ગુજરાતે દાખલો બેસાડ્યો

રાજ્યમાં નિર્દોષ નાગરિકોને રંજાડતા વ્યાજખોરો સામે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની સુચનાથી ગુજરાત પોલીસે ખુબ કડકાઈ સાથે આકરા પગલા ભર્યા છે ત્યારે દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાત પોલીસ દ્વારા આવા વ્યાજખોરોની મિલ્કત પણ જપ્ત કરી લઈ વ્યાજખોરોને આ પ્રકારનો ગુનો આચરવાનો વિચાર પણ ન આવે તે પ્રકારનો દાખલો બેસે તેવી કડક કાર્યવાહી થઈ છે. આ નોંધપાત્ર કાર્યવાહી બદલ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના એસ.પી. શ્રી સાગર બાગમાર અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. આ કાર્યવાહીએ ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિને રેખાંકિત કરી છે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા અન્વયે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલ્કત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે.

મંત્રી શ્રી હર્ષ સંઘવીના દિશાનિર્દેશથી રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા રાજ્યભરના પોલીસ સ્ટેશનોને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા અને તેમની ગેરકાયદેસર મિલ્કતો જપ્ત કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત, સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસે સંગઠિત ગુનાહિત ટોળકીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. તેમની ટીમે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ રિયાબેન ઈશ્વરગર ગૌસ્વામી, આરતીબેન ઈશ્વરગર ગૌસ્વામી અને તેજસ ઈશ્વરગર ગૌસ્વામી, રહે. મંકલેશ્વર, અંજાર સામે કાર્યવાહી કરી. આ આરોપીઓએ "Organized Crime Syndicate" બનાવી, આર્થિક ફાયદા માટે વ્યાજખોરીના ગુનાઓ આચર્યા હતા.

જપ્ત કરાયેલી મિલ્કતોમાં રિયાબેનના નામે મેઘપર બોરીચીમાં એક પ્લોટ (૨.૫૨ લાખ), મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી (૧૪.૭૯ લાખ), અને અંજારમાં દેવનગરમાં પ્લોટ (૧૨.૪૨ લાખ); આરતીબેનના નામે અંજારના દેવનગરમાં પ્લોટ (૬.૪૫ લાખ); તેમજ આરોપીઓની માતાનાં નામે મેઘપર બોરીચીમાં બે પ્લોટ (૦.૬૦ લાખ અને ૧૨.૯૪ લાખ) અને અંજારમાં ગંગોત્રી-૦૨માં પ્લોટ (૧૩.૭૧ લાખ)નો સમાવેશ થાય છે. આ કુલ મિલ્કતોની કિંમત ૬૩.૪૬ લાખ રૂપિયા છે.

આ કાર્યવાહી દરમિયાન, પોલીસે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસ્યો, જેમાં અનેક ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને જી.સી.ટી.ઓ.સી. કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે આ મિલ્કતોની ઝડતી અને જપ્તીની પ્રક્રિયા પૂર્ણ કરી, જેની દરખાસ્ત ગૃહ વિભાગ, ગાંધીનગરને મોકલવામાં આવી હતી. ગૃહ વિભાગના હુકમ આધારે આ મિલ્કતોને જપ્ત કરવામાં આવી છે.

### મમતા બેનર્જી સરકારને ઝટકો

# બંગાળમાં સરકારી કર્મચારીઓને ૨૫% DA આપવા સુપ્રીમનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને ઝટકો આપી રાજ્યના સરકારી કર્મચારીઓને ૨૫ ટકા મોંઘવારી ભથ્થુ (DA) આપવા આદેશ કર્યો છે. ન્યાયાધીશ સંજય કરોલ અને સંદીપ મેહતાની બેંચે વચગાળાનો હુકમ જારી કર્યો છે અને બંગાળ સરકારને ત્રણ મહિનાની અંદર ૨૫ ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આ મામલે આગામી સુનાવણી ઓગસ્ટમાં હાથ ધરવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ બંગાળના કેટલાક સરકારી કર્મચારીઓએ આ મામલે કોલકાતા હાઈકોર્ટમાં અરજી કરી બાકી રકમ સહિત કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેટલું ડીએ આપવાની માંગ કરી છે. હાઈકોર્ટે મે-૨૦૨૨માં સુનાવણી હાથ ધરી બંગાળ સરકારને કેન્દ્રીય દર જેટલો ડીએ આપવાનો આદેશ કર્યો હતો. પશ્ચિમ બંગાળ સરકારે નવેમ્બર-૨૦૨૨માં સુપ્રીમ કોર્ટમાં અરજી કરી કોલકાતા હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારે કેટલીક વખત ડીએ વધારવાની જાહેરાત કરી હતી, પરંતુ જે સમયે ડીએ વધારવાની જાહેરાત કરાઈ, તે વખતે ડીએનો દર કેન્દ્રીય દરો સાથે મેળ ખાતો ન હતો. એટલું જ નહીં કેન્દ્રીય ડીએ અને રાજ્યના ડીએ વચ્ચે ૩૭ ટકાનું અંતર પણ છે. કેન્દ્ર સરકાર કર્મચારીઓને ૫૫ ટકા ડીએની ચૂકવણી કરે છે. પશ્ચિમ બંગાળમાં ૨૦૨૪માં ૧૪ ટકા ડીએ હતું. ત્યારબાદ પહેલી એપ્રિલ-૨૦૨૫માં ડીએમાં ચાર ટકાનો વધારો કરાયા બાદ વર્તમાન સમયમાં સરકારના કર્મચરીઓને ૧૮ ટકા ડીએ મળે છે, આ કારણે રાજ્યના કર્મચારીઓમાં અસંતોષ છે.

# નોન ક્રિમીલેયર દાખલાઓ માટે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી તત્કાલ દુર કરવાની માંગ




પ્રતિનિધિ,ગાંધીનગર

નોન ક્રિમીલેયર દાખલાઓ માટે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ તત્કાલ દુર કરવાની માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આજે શુક્રવારે રાજકોટ જિલ્લા કલેકટર તેમજ સમાજ કલ્યાણ અધિકારીને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગુજરાત સરકાર હેઠળની નોકરીઓમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો તરીકે અનામતનો લાભ મેળવવા માટે હાલ રાજકોટમાં બહુમાળી ભવન ખાતે ગ્રાઉન્ડ ફલોર ઉપર નોન ક્રિમીલેયર દાખલા મેળવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને ૩-૪ દિવસો થતા હોય છે ત્યારે દિવસ-૧ માં દાખલો આપી દેવામાં આવે એ પ્રકારના પ્રયત્નો કરવાની માંગ કરવામાં આવી છે. બહુમાળી ભવન ખાતે દાખલા મેળવવા માટે વિદ્યાર્થીઓ/ અરજદારો સરળતાથી નોન ક્રિમીલેયર દાખલા સમયસર આપી શકાય તે માટે કરેલ સક્ષમ અધિકારીને રાજકોટ શહેરના વિસ્તાર મુજબ મામલતદાર, રાજકોટ શહેર (પૂર્વ), મામલતદાર, રાજકોટ શહેર (પશ્ચિમ) અને મામલતદાર રાજકોટ શહેર, (દક્ષિણ) દાખલા આપવાની કામગીરીની વહેચણીનો હુકમ કરવામાં તાત્કાલીક આવે અને બહુમાળી ભવન ખાતે મામલતદાર કચેરી ખાતે કઈ કઈ જગ્યાએ નોન ક્રિમીલેયર દાખલા મળી રહ્યા છે તેના બોર્ડ લગાડવામાં આવે તે જરૂરી છે.

### પ્રાકૃતિક ખેતી : ખાસ લેખ

# ખેડૂતો માટેની જમીન કુંડળી એટલે 'સોઈલ હેલ્થ કાર્ડ'

## ચાલો, આજે જાણીએ 'સોઈલ હેલ્થ કાર્ડ'ની ઉપયોગિતા અને ફાયદા

પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની તાતી જરૂરિયાત છે. જો જમીનનું સ્વાસ્થ્ય તંદુરસ્ત હશે તો, માનવ સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રહેશે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવાન બનાવવા રાજ્ય સરકાર કાર્યરત છે. પાક ઉત્પાદન માટે સૌથી મહત્ત્વનું કુદરતી માધ્યમ એટલે જમીન અને માટી. જે ભૌતિક આધાર આપવાની સાથે પાકના વૃદ્ધિ-વિકાસ માટે જરૂરી પોષક તત્ત્વો પૂરા પાડે છે. ઉત્પાદન પ્રક્રિયામાં પોષક તત્ત્વોનું યોગદાન ૪૧થી ૪૫% છે, જે તેની અગત્યતા-આવશ્યકતા દર્શાવે છે. જો જમીનનું સ્વાસ્થ્ય સારું હશે તો જ પાકનું ઉત્પાદન વધુ અને ગુણવત્તાયુક્ત મળશે.

જમીનની તાસીર જાણીએ તો જ ખૂટતાં પોષક તત્ત્વોની ખબર પડે અને ખૂટતા તત્ત્વો ખાતર સ્વરૂપે આપી શકાય. જેના માટે સરકારે રાજ્યના ખેડૂતોને 'જમીન સ્વાસ્થ્ય કાર્ડ' એટલે કે 'સોઈલ હેલ્થ કાર્ડ' આપવાનું અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત દરેક ગામના જુદા જુદા ભાગોમાંથી જમીનના નમૂનાઓ લઈ પૃથક્કરણ કરવામાં આવી રહ્યા છે. નમૂનાઓનું યોગ્ય પરીક્ષણ કરી ખેડૂતોને 'સોઈલ હેલ્થ કાર્ડ' આપવામાં આવે છે.

'જમીન સ્વાસ્થ્ય કાર્ડ' અથવા 'સોઈલ હેલ્થ કાર્ડ' એટલે શું?

સોઈલ હેલ્થ કાર્ડ એટલે ખેડૂતોની જમીન કુંડળી. આ કાર્ડના માધ્યમથી ધરતીપુત્રોને જમીનનો પ્રકાર, જમીનમાં લભ્ય પોષકતત્ત્વો, જમીનની ફળદ્રુપતા, જમીનમાં ખારાશ સહિતની વિગતો મળી રહે છે. એટલે ટૂંકમાં જમીનની તંદુરસ્તીનો મેડિકલ રિપોર્ટ એટલે 'સોઈલ હેલ્થ કાર્ડ'. જેના થકી ખેડૂત તેને મળેલા કાર્ડને આધારે યોગ્ય સારવાર આપી જમીનની ટકાઉ ઉત્પાદકતા જાળવી શકે છે.

જમીનની તંદુરસ્તી તપાસવા માટે ૧૨ પેરામીટર હોય છે. આમાં **N, P, K** (મેક્રો પોષક તત્ત્વો), જી (ગૌણ પોષક); **Zn, Fe, Cu, Mn, Bo** (સૂક્ષ્મ પોષકતત્ત્વો); અને **PH,EC,OC** (ભૌતિક પેરામીટર) રાખવામાં આવે છે. આ તમામ માપદંડોની માહિતી સોઈલ હેલ્થ કાર્ડમાં લખેલી છે એટલે કે, જમીનમાં કયા તત્ત્વની ઊણપ છે, કયું તત્ત્વ વધુ છે. ખાતર-ખાતરનો કેટલો ઉપયોગ થાય છે, ઊણપ કેવી રીતે પૂરી થશે વગેરે. જેથી આ 'સોઈલ હેલ્થ કાર્ડ' ધરતીપુત્રોને ખેતી માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

સોઈલ હેલ્થ કાર્ડની ઉપયોગિતાઃ-

જમીનમાં લભ્ય પોષકતત્ત્વોના પ્રમાણ ઉપરથી પાકને જરૂરી પોષકતત્ત્વો ખાતરરૂપે આપવાનો ખ્યાલ આવે છે. કયાં પાકમાં કેટલું ખાતર? કયારે? અને કેવી રીતે આપવું? તેની સચોટ ગણતરી થઈ શકે છે. તદુપરાંત સોઈલ હેલ્થ કાર્ડના આધારે જમીનમાં ક્યાં-ક્યાં પાક વધુ ફાયદાકારક છે, તે પણ જાણી શકાય છે.

સોઈલ હેલ્થ કાર્ડના અવલોકનથી જમીનની ઉત્પાદકતાનો પણ ખ્યાલ આવતો હોવાથી, આવી જમીનોના પાક ઉત્પાદનના અંદાજ પણ મેળવી શકાય છે. જમીન ચકાસણીની પ્રક્રિયાથી જમીનની ફળદ્રુપતામાં સમયાંતરે ફેરફારો થતા હોવાથી જાળવણીની કાર્યપ્રણાલી પણ ઘટાડી શકાય છે. ખાતરોના બિનજરૂરી વધુ વપરાશને રોકીને તથા આવશ્યક પોષક તત્ત્વો જ ઉમેરવાના થતાં હોવાથી જમીનની ઉત્પાદકતાને લાંબો સમય જાળવી શકાય છે. પરિણામે કૃષિ ખર્ચમાં પણ ઘટાડો થતા આવકની વૃદ્ધિ થાય છે.

સોઈલ હેલ્થ કાર્ડ ઉપરથી જમીનની ખારાશનો અંદાજ આવવાથી તે પ્રમાણે ખારાશ પ્રતિરોધક પાકો, પાકની જાતો તથા જમીન સુધારકોની ઉપયોગની વિગતો પણ ખેતર દીઠ આપી શકાય છે. સોઈલ હેલ્થ કાર્ડ ઉપરથી અપાતી વિગતો જે તે ખેડૂતને વ્યકિતગત રીતે ઉપયોગી હોવાથી તે સચોટ અને કાર્યક્ષમ સાબિત થાય છે.

સોઈલ હેલ્થ કાર્ડના ફાયદા :-

ખેડૂતો તેમની જમીનમાંથી લભ્ય તત્ત્વોની માત્રા જાણી શકે છે.

જમીનને અનુરૂપ પાકનું આયોજન કરી શકે છે.

બિનજરૂરી ખર્ચમાંથી બચી ખેતીને વધુ નફાકારક બનાવી શકાશે.

પાક ઉત્પાદનનો અંદાજ મેળવી શકાશે.

સંકલિત ખાતર વ્યવસ્થા કરવાથી જમીનમાંથી સેન્દ્રીય તત્વોનો ઘટાડો અટકાવી શકાય છે.

# ૧૭ મેના રોજ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે

પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝનના પોરબંદર સ્ટેશનથી ૧૭.૦૫.૨૦૨૫ ના રોજ ચાલવા વાળી પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન ટેકનિકલ કારણોસર સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ ટ્રેનની વિગતવાર વિગતો નીચે મુજબ છેઃ

૧. ૧૬.૦૫.૨૦૨૫ (શુક્રવાર) ની ટ્રેન નં. ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી છે.

૨. પેરિંગ રેકના અભાવે, ૧૭.૦૫.૨૦૨૫ (શનિવાર) ની ટ્રેન નં. ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ રદ રહેશે.

ઉપરોક્ત ટ્રેનોની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### સુરક્ષા માટે સજ્જ શહેર પોલીસ

# અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી જી. એસ. મલિકે શહેરની ચાંદખેડા, રાણીપ, ગાયકવાડ હવેલી અને એલિસબ્રિજ પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત કરી

## પોલીસ પરિવારના વેલ્ફરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારના બાળકો માટે છેલ્લા બે વર્ષથી 'સમર કેમ્પ'નું આયોજન






અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી જી. એસ. મલિકે અમદાવાદ શહેરની ચાંદખેડા, રાણીપ, ગાયકવાડ હવેલી અને એલિસબ્રિજ પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત કરી આ કેમ્પમાં બાળકોની પ્રવૃત્તિઓ નિહાળી હતી.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ પોલીસ પરિવારના વેલ્ફરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારના બાળકો માટે છેલ્લા બે વર્ષથી ઉનાળાના વેકેશનમાં વોકેશનલ ટ્રેનિંગ એટલે કે, 'સમર કેમ્પ'નું આયોજન કરવામાં આવે છે. આ ઉનાળા વેકેશન દરમિયાન અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પને સવારના ૦૭:૦૦ વાગ્યાથી ૧૦:૩૦ વાગ્યા સુધી યોજવામાં આવે છે. અમદાવાદ શહેરની તમામ પોલીસ લાઈનો જેમાં દેવજીપુરા પોલીસ લાઈન, એલીસબ્રીજ પોલીસ લાઈન, માધવપુરા પોલીસ લાઈન, અમરાઈવાડી પોલીસ લાઈન, દાણીલીમડા પોલીસ લાઈન, ગોમતીપુર પોલીસ લાઈન, ગાયકવાડ હવેલી પોલીસ લાઈન, રાણીપ પોલીસ લાઈન, મણિનગર પોલીસ લાઈન, વટવા પોલીસ લાઈન, ઓઢવ પોલીસ લાઈન, નરોડા પોલીસ લાઈન, બાપુનગર પોલીસ લાઈન, ઈસનપુર પોલીસ લાઈન તથા પોલીસ મુખ્ય મથક ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ સમર કેમ્પમાં પોલીસ લાઈન ખાતે બાળકો માટે સેલ્ફ ડીફેન્સ, માર્શલ આર્ટ્સ, જીમ્નેસ્ટીક, ડ્રોઈંગ, યોગા, ફનીગેમ, દોડ, ડક વોક, ડાન્સ, પેપર ક્રાફટ, ચેસ, કેન્વાસ પેઈન્ટીંગ, પેઈન્ટીંગ, આર્ટ એન્ડ ક્રાફટ, સંગીત, કીચેઈન મેકીંગ, કેલીગ્રાફ, કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન, બાળકો માટેના વિજ્ઞાન પ્રયોગો, ગ્લાસ પેઈન્ટીંગ, ગ્રીટીંગ કાર્ડ, હોમ મેડીટેશન, નેઈલ આર્ટ, બેડમીન્ટન, ટેબલ ટેનીસ જેવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. આ વોકેશનલ ટ્રેનીંગ એટલે કે સમર કેમ્પ અંતર્ગત થનાર ખર્ચ પોલીસ વેલ્ફેર ફંડમાથી ચુકવવામાં આવે છે. આ સમર કેમ્પનો મુખ્ય હેતુ બાળકોનો શૈક્ષણિક, રમતગમત તથા સાંસ્કૃતિક વિકાસ કરવાનો છે. આ સમર કેમ્પમાં પોલીસ પરિવારના બાળકો એવી પ્રવૃત્તિઓથી પરિચિત થાય છે કે જેનાથી તેમની વિવેચનાત્મક અને તાર્કિક કુશળતામાં સુધારો આવી શકે છે. સાથે જ, બાળકોમાં સામાજિક કૌશલ્યો વિકસે, તેમના વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન મળે, તેઓ શારીરિક પ્રવૃત્તિઓમાં જોડાય, નવા મિત્રો બનાવે અને મૂલ્યવાન જીવન કૌશલ્યો શીખે તે રીતની તમામ તકો તેમને મળે તે આશયથી આ સમર કેમ્પ યોજાઈ રહ્યો છે.

# રાષ્ટ્ર પ્રત્યે દેશભક્તિ વ્યક્ત કરવાના ઉદ્દેશ્યથી ભાવનગર રેલવે ડિવિઝનમાં "તિરંગા યાત્રા" કાઢવામાં આવી




પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનમાં, ૧૬ મે, ૨૦૨૫ (શુક્રવાર) ના રોજ, રાષ્ટ્ર પ્રત્યે દેશભક્તિ વ્યક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે મંડળ કાર્યાલયના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. આ તિરંગા યાત્રામાં રેલવે સુરક્ષા બળના જવાનો અને સ્કાઉટ અને ગાઈડના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, ૧૬ મે, ૨૦૨૫ (શુક્રવાર) ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે ડિવિઝનલ ઓફિસથી તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રવીશ કુમારે આ તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી હતી. આ તિરંગા યાત્રા મંડળ કાર્યાલયથી શરૂ થઈ હતી અને રેલવે કોલોનીમાંથી પસાર થઈને મંડળ કાર્યાલય પર સમાપ્ત થઈ હતી. એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી હિમાઁશુ શર્માએ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓમાં ઉત્સાહ જગાડવાનું કામ કર્યું. બધાએ "ભારત માતા કી જય", વંદે માતરમ અને જય હિંદના નારા લગાવીને બહાદુર સૈનિકોનું મનોબળ વધારવાનો પ્રયાસ કર્યો. આ તિરંગા યાત્રાનું આયોજન સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી હુબલાલ જગનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# GMERS સોલા-અમદાવાદના નિષ્ણાંતોએ ૭ મહિનામાં રાજ્યના ૧,૨૫૫ દર્દીઓને વર્ચ્યુઅલ માધ્યમથી સ્પીચ હીયરીંગ એન્ડ લેન્ગવેજ થેરાપી આપી

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંલગ્ન સોલા હોસ્પિટલ-અમદાવાદ હેઠળની ઓડીયોલોજી એન્ડ સ્પીચ લેંગવેજ પેથોલોજી કોલેજ ખાતે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સૌપ્રથમ ટેલિ-રીહેબીલેશન હબ કાર્યરત કરવામાં આવ્યું છે.

ઓનલાઈન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સ્પીચ હીયરીંગ એન્ડ લેન્ગવેજ પેથોલોજી ડીસઓર્ડરની થેરાપી સરળતાથી મળી રહે તે હેતુથી ટેલિ રીહેબીલેશન હબનું ગત વર્ષે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ થયું હતું. ઓડીયોલોજી કોલેજ સોલા-અમદાવાદ ખાતે સ્પીચ હીયરીંગ એન્ડ લેન્ગવેજ ડીસઓર્ડરને લગતી થેરાપી માટે રાજ્યના દૂર-દરાજના ગામોથી બાળ દર્દીઓને દરરોજ અમદાવાદ આવવું પડતું હતું. તેમની સમસ્યાના સમાધાનરૂપે ટેલિ રીહેબીલેશન હબના માધ્યમથી આવા બાળકોને નજીકના કેન્દ્રો ખાતે જ વિડીયો કોન્ફરન્સ દ્વારા સ્પીચ એન્ડ લેન્ગવેજ થેરાપી આપવાની શરૂઆત થઈ હતી. જેના માટે ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર (DEIC) દ્વારા રાજ્યમાં દાહોદ, કચ્છ, વેરાવળ, પોરબંદર, મહેસાણા, ગીર સોમનાથ, ગોધરા, સુરત, વડોદરા, નર્મદા, માણસા અને સાણંદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા હતા, જ્યાંથી બાળ દર્દીઓ થેરાપી મેળવી શકે.

રાજ્ય સરકારના આ આયોજનથી બાળ દર્દીઓને તેમના નજીકના કેન્દ્રો ખાતે જ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઓડીયોલોજી એન્ડ સ્પીચ લેન્ગવેજ સોલા હોસ્પિટલના નિષ્ણાંત તજજ્ઞો દ્વારા થેરાપી આપવામાં આવી રહી છે. ઓક્ટોબર-૨૦૨૪ થી એપ્રિલ-૨૦૨૫ દરમિયાન કુલ ૧,૨૫૫ જેટલા દર્દીઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સ્પીચ હીયરીંગ એન્ડ લેન્ગવેજને લગતી થેરાપી આપવામાં આવી છે.

- નિતિન રથવી

### 'ઝીરો ઈફેક્ટ ઝીરો ડિફેક્ટ'-ZED સર્ટિફિકેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે ૧.૩૦ લાખ જેટલા MSMEને રૂ. ૭,૮૬૪ કરોડ કરતાં વધુની સહાય અપાઈ

રાજ્ય સરકારની ઉદાર ઉદ્યોગ નીતિના અસરકારક અમલીકરણના પરિણામે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત સરકાર સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો - MSME માટે સહાય યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૧.૩૦ લાખ કરતાં વધુ એકમોને રૂ. ૭,૮૬૪ કરોડ કરતાં વધુની સહાય આપી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં સિંહફાળો આપી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં ઉદ્યોગ ક્ષેત્રમાં 'ઝીરો ઈફેક્ટ ઝીરો ડિફેક્ટ'-ZED સર્ટિફિકેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે. રાજ્યમાં અંદાજે ૮૯ હજાર કરતાં વધુ ZED-રજિસ્ટર્ડ MSME અને ૫૯ હજાર કરતાં વધુ ZED-પ્રમાણિત MSME નોંધાયા છે, જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. કેન્દ્ર સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઈઝ મંત્રાલય દ્વારા જે પહેલા 'ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ' તરીકે ઓળખાતું હતું તેની જગ્યાએ 'ઉદ્યમ રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ'ની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે, જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ્યમાં ૨૩.૭૯ લાખ કરતાં વધુ એકમોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા, સ્થાનિક ઉદ્યોગોની ભાગીદારી વધારવા તેમજ સમગ્ર રાજ્યમાં જાગૃતિ ફેલાવવાના હેતુસર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ઓક્ટોબર-૨૦૨૩માં 'વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ'-VGVD ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક વેચાણ અને નિકાસ માટે જિલ્લાવાર અનન્ય ઉત્પાદનોને ઓળખવા તેમજ મેપીંગ કરવા માટે ODOP સંબંધિત કુલ ૨૬ ઉદ્યોગ ઉત્પાદનોને પસંદ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ગુણવત્તાયુક્ત વૃદ્ધિમાં સુધારો કરવા, સ્થાનિક ઉદ્યોગોની ભાગીદારી વધારવા અને જાગૃતિ ફેલાવવા માટે તમામ જિલ્લાઓમાં 'ગુણવત્તા યાત્રા'નું આયોજન તા. ૫ એપ્રિલથી તા. ૨૯ મે, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું છે, જે અત્યાર સુધીમાં રાજ્યના ૧૮ જિલ્લાઓમાં સંપન્ન થઇ ચૂકી છે.

નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ મેન્યુફેકચરીંગ MSME સેકટરને ઔદ્યોગિક એસોસીએશન-ચેમ્બર્સ-ફેડરેશન દ્વારા યોજાતા એકઝીબીશનમાં ભાગ લેવા માટે વિવિધ સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત રાજ્ય સ્તરના એકઝીબીશનમાં ભાગ લેવા માટે ૭૫ ટકાના ધોરણે મહત્તમ રૂ. ૫૦ હજાર, રાષ્ટ્રીય સ્તરે મહત્તમ રૂ. ૧ લાખ અને આંતરરાષ્ટ્રીય સ્તરે-ભારતની અંદર મહત્તમ રૂ. ૨ લાખની સહાય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે-ભારતની બહાર ૬૦ ટકાના ધોરણે મહત્તમ રૂ. ૫ લાખની સહાય આપવામાં આવે છે. આ યોજના અન્વયે રાજ્ય સરકાર દ્વારા એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ ૮૫૨ અરજીઓ મંજૂર કરી રૂ. ૫ કરોડની સહાય એકમોને ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત માર્કેટ ડેવલોપમેન્ટ આસિસ્ટન્ટ યોજના-૨ હેઠળ ઓર્ગેનાઈઝરને પ્રદર્શનના સમયગાળા દરમિયાન પ્રદર્શનના વીજ વપરાશના ૬૦ ટકા બિલ સહાય પણ આપવામાં આવે છે. ગુજરાતમાં વિલંબિત ચૂકવણી માટે માત્ર એક કાઉન્સિલ હતી, જેથી કેસોના ઝડપી નિકાલ કરવા અને સ્થાનિક સ્તરે વિવાદ નિવારણ કરવા માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૩-૨૪માં નવી પાંચ અને તાજેતરમાં છઠ્ઠી કચ્છ એમ કુલ છ Regional MSEFC કાઉન્સિલની સ્થાપના કરી છે. આમ રાજ્યમાં કાર્યરત અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરા અને કચ્છ MSEFC કાઉન્સિલ દ્વારા જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં ૧,૦૮૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં MSME હેઠળના ઉદ્યોગ સાહસિકોને કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી, વ્યાજ સહાય જેવી વિવિધ સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૪થી તા. ૦૮ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય, કેપિટલ સહાય અને CGTMSE સહાયમાં કુલ ૪,૪૦૦થી વધુ ક્લેઈમ અરજીઓને રૂ. ૧૩૭ કરોડથી વધારે સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અન્વયે કુલ ૮,૭૦૦થી વધુ ક્લેઈમ અરજીઓને રૂ. ૩૪૫ કરોડથી વધારે સહાય તેમજ આત્મનિર્ભર ગુજરાત સ્કિમ ફોર આસિસ્ટન્સ ટુ એમએસએમઈ-૨૦૨૨ અન્વયે વ્યાજ સહાય, કેપિટલ સહાય અને CGTMSE સહાયમાં કુલ ૨,૪૦૦થી વધુ ક્લેઈમ અરજીઓને રૂ. ૨૪૫ કરોડથી વધારે સહાય આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના MSME મંત્રાલય દ્વારા ઉદ્યોગોના મૂડી રોકાણ અને વાર્ષિક ટર્નઓવરના આધારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ એમ ત્રણ કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવે છે. જે એકમોમાં પ્લાન્ટ, મશીનરી અને સાધનોમાં થયેલ મૂડીરોકાણ રૂ. ૨.૫ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૧૦ કરોડથી વધારે ન હોય તેવા સૂક્ષ્મ એકમો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, તેવી જ રીતે જે એકમોના પ્લાન્ટ, મશીનરી અને સાધનોમાં થયેલ મૂડીરોકાણ રૂ. ૨૫ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૧૦૦ કરોડથી વધારે ન હોય તેવા લઘુ એકમો તેમજ મૂડીરોકાણ રૂ. ૧૨૫ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૫૦૦ કરોડથી વધારે ન હોય તેવા મધ્યમ એકમો તરીકે ઓળખાય છે.

જીગર બારોટ

### પરિવારજનોનો કંપની પર બેદરકારીનો આરોપ

# જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત

## ત્રણેય મૃતક નાઈટ શિફ્ટ દરમિયાન કામ કરી રહ્યા હતાં, સફાઈ માટે તેઓ વૉશિંગ ટાંકીમાં પડ્યા હતાં, પરંતુ બહાર આવવામાં નિષ્ફળ ગયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની દાણીલીમડા વિસ્તારમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી છે. મૃતકોના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે જીન્સ બનાવતી કંપનીમાં ત્રણ યુવકોના ટાંકીમાં ડૂબવાથી મોત નિપજ્યા છે. આ યુવકોની ઓળખ સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર અને પ્રકાશ પરમાર તરીકે થઈ છે.

મૃતકોના પરિવારજનોનો આરોપ છે કે, કંપનીની બેદરકારીના કારણે મૃતકોના મૃતદેહ આખી રાત ટાંકીમાં રહ્યા હોવાના કારણે તેમના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી અને મૃતકોના મૃતદેહોને મણિનગરની એલ. જી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા છે. ત્રણેય યુવકોની ઉંમર ૨૫-૩૦ વયની વચ્ચે હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણેય મૃતક નાઈટ શિફ્ટ દરમિયાન કામ કરી રહ્યા હતાં, સફાઈ માટે તેઓ વૉશિંગ ટાંકીમાં પડ્યા હતાં, પરંતુ બહાર આવવામાં નિષ્ફળ ગયા હતા અને રાતભર ટાંકીમાં જ રહ્યા હતાં.

દુર્ઘટનાની જાણ થતાં જ પરિવારજનો એલ.જી હોસ્પિટલ પહોંચ્યા હતા અને કંપની પર ફેક્ટરી મેનેજમેન્ટ તરફથી બેદરકારીનો આરોપ લગાવ્યો છે. પરિવારજનોનો દાવો છે કે, કંપનીએ કામદારોને જોખમી રીતે ટાંકીમાં જ છોડી દેવાયા હતા. હોસ્પિટલમાં સ્થિતિ વકરે નહીં તે માટે પોલીસની ટીમ તૈનાત કરવામાં આવી હતી. પરિવારજનોએ હોસ્પિટલમાં જવાબદાર લોકો સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ સાથે હોબાળો કર્યો હતો.

જોકે, આ વિશે ત્યાં હાજર વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે, 'મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને ઘટનાના ક્રમ અને સુરક્ષા પ્રોટોકોલમાં સંભવિત ખામી શોધવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. આ એક દુઃખદ ઘટના છે. અમે શ્રમિકો ટાંકીની અંદર કેવી રીતે પહોંચ્યા અને ત્યાં શું કરતા હતા? ત્યાં સુરક્ષાની શું સુવિધા હતી તે વિશે તપાસ કરી રહ્યા છીએ. હાલ પોલીસે આકસ્મિક મોતનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, મૃતકોના મોતની સાચી હકીકત પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જ સામે આવશે. હાલ પોલીસે આ અંગે ત્યાં હાજર અન્ય શ્રમિકો સાથે પૂછપરછ હાથ ધરી છે.

# મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને ૧૭ મેના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે "મહિલા સંમેલન" યોજાશે

## સખી વન સ્ટોપ સેન્ટર-ખેડાના નવ નીર્મિત ભવનનું ઈ-લોકાર્પણ સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ચેક વિતરણ કરાશે

રાજ્ય સરકાર દ્વારા નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાના હેતુથી "મહિલા સંમેલન" ઉજવવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આવતીકાલે, તા. ૧૭ મેના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે "મહિલા સંમેલન" યોજાશે.

રાજ્ય સરકારે કન્યા કેળવણી, બેટી બચાવો બેટી પઢાવો અભિયાન, સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ, મહિલાઓના સંરક્ષણ હેતુ વિવિધ કાયદાઓનું અનુપાલન તથા વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓના યોગ્ય અમલીકરણ થકી નારીઓના ઉત્થાનમાં યોગદાન આપ્યું છે.

આવતીકાલે સાંજે ૫ કલાકે ભારત સરકાર પુરસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર-ખેડાના નવ નીર્મિત ભવનનું ઈ-લોકાર્પણ, ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર વિતરણ, વહાલી દીકરી યોજનાના મંજુરી હુકમનું વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમનું વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાનાં મંજુરી ચેકનું વિતરણ, માતા યશોદા એવોર્ડ વિતરણ, પોષણ ઉત્સવ વાનગી સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રયાસોથી રાજ્યની મહિલાઓના જીવનમાં એક હકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે. મહિલા સશક્તિકરણ થકી ગુજરાત ઉજ્જવળ ભવિષ્ય તરફ મક્કમ ડગ માંડી રહ્યું છે.

- ઋચા રાવલ

### ઓનલાઈન ફૂડ કર્યા બાદ ગ્રાહકને કડવો અનુભવ

# શહેરના ગ્વાલિયાના છોલે-ભટુરેમાંથી વંદા નીકળ્યા

## પરિવારનાં સભ્ય દ્વારા ગ્વાલિયામાંથી મંગાવેલા છોલે ભટૂરેમાંથી વંદો નીકળ્યો હોવાનો આરોપ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગતરોજ મણિનગર વિસ્તારમાં આવેલ મહાલક્ષ્મી કોર્નરમાંથી આઈસ્ક્રીમના કોનમાંથી ગરોળીની પૂંછડી નીકળી હતી. હજુ આ ઘટના શાંત થઈ નતી ત્યાં તો વળી ફરી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ગ્રાહકે ઓનલાઈન એપ્લિકેશન પરથી છોલે ઓર્ડર કર્યા હતા. પરિવારનાં સભ્ય દ્વારા ગ્વાલિયામાંથી મંગાવેલા છોલે ભટૂરેમાંથી વંદો નીકળ્યો હોવાનો આરોપ થયો છે. છોલે ભટૂરેમાંથી એક નહીં પણ બે વંદા નીકળ્યા હોવાનો દાવો પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે. અમદાવાદનાં સરખેજ વિસ્તાર નજીક રહેતા પટેલ પરિવારનાં એક સભ્ય દ્વારા ઓનલાઈન એપ્લિકેશન થકી પ્રહલાદનગરમાં આવેલા ગ્વાલિયામાંથી છોલે ભટૂરેનો આર્ડર કરવામાં આવ્યો હતો. જેમાં તેણે છોલેનો ડબ્બો ખોલ્યો તો તે ચોંકી ગયો. કારણકે તેમાં એક નહીં પણ ૨ વંદા નીકળ્યા હતા. જે પરિવારે ઓર્ડર કર્યો હતો તે શહેરના સરખેજ વિસ્તારમાં રહે છે. જોકે આ બનાવને લઈને હાલ શહેરમાં ચર્ચા મચી જવા પામી છે. સાથે જ લોકો વિચારમાં મુકાઈ ગયા છે. અમદાવાદમાં બહારની હોટલ અને રેસ્ટોરન્ટમાં ખાવા પીવાનું પણ હવે બંધ કરવું પડે તેવી સ્થિતિ છે. કારણ કે શહેરમાં આવેલી હોટલ અને રેસ્ટોરન્ટોમાં ખાણી-પીણીની ચીજવસ્તુઓમાંથી ખરાબ વસ્તુઓ નીકળવાની ઘટના સતત ચાલુ છે. શહેરમાં અવારનવાર આવા બનાવો સામે આવતા હોય છે. પરિવારનો દાવો છે કે જ્યારે ખાવા માટે છોલે ભૂટેરેનું પેકેટ ખોલવામાં આવ્યું અને ચેક કર્યું તેમાંથી એક નહીં પણ બે વંદા નીકળ્યા હતા. આ ઘટનાનો ગ્રાહક દ્વારા વીડિયો પણ બનાવવામાં આવ્યો છે. આ મામલે ગ્રાહકે યોગ્ય કાર્યવાહી કરવા માગ કરી છે.

### કચ્છીજનોની ખુમારી અને ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના વિઝનથી કચ્છના સર્વાંગી વિકાસને બિરદાવતા સંરક્ષણ મંત્રીશ્રી

# ભુજનું સ્મૃતિવન મ્યૂઝિયમ માત્ર ભારત જ નહીં પણ દુનિયાનું ગૌરવ : સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહ

કચ્છની મુલાકાતે પધારેલા દેશના સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપના દિવંતગોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને ભૂકંપના દિવંગતોની યાદમાં નિર્મિત સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રીશ્રીએ જીવસૃષ્ટિની ઉત્પતિ, માનવજીવનો ક્રમિક વિકાસ, દુનિયાની ઉત્પત્તિથી માંડીને કુદરતી આપદાઓ, આફતો સામેની ભવિષ્યની તૈયારીઓ વિશેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતીના વિવિધ ચાર્ટ, મોડેલ નિહાળીને સંરક્ષણ મંત્રીશ્રી પ્રભાવિત થયા હતા.

સ્મૃતિવનની મુલાકાત બાદ સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આકાર પામેલું સ્મૃતિવન મ્યૂઝિયમ ભૂકંપના દિવંગતોને આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે. સ્મૃતિવન મ્યૂઝિયમ આજે માત્ર દેશ જ નહીં પણ દુનિયા માટે ગૌરવ બન્યું છે. વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી નિર્માણ પામેલા સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત જરૂરથી લેવા દરેક દેશવાસીઓને આગ્રહ કરતાં સંરક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કચ્છ અને ગુજરાતના લોકોની પ્રબળ ઈચ્છા શક્તિના દર્શન સ્મૃતિવન મ્યૂઝિયમના માધ્યમથી થાય છે. સંરક્ષણ મંત્રીશ્રીએ દેશના તમામ નાગરિકોને ગૌરવ સમાન સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત લેવા જાહેર અપીલ કરી હતી. સ્મૃતિવન મ્યૂઝિયમમાં વિશેષ સિમ્યુલેટરની મદદથી ભૂકંપ આવે ત્યારે નિર્માણ થતી પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ સંરક્ષણ મંત્રીશ્રીએ મેળવ્યો હતો. કચ્છના લોકોની ખુમારી અને ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના વિઝનથી કચ્છના સર્વાંગી વિકાસને સંરક્ષણ મંત્રીશ્રીએ બિરદાવ્યો હતો. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપની આપદામાં બચી ગયેલા લોકોના સંસ્મરણોની ગાથાઓ વિશે જાણીને કચ્છીજનોના ધૈર્ય અને હિંમતની સંરક્ષણ મંત્રીશ્રીએ પ્રસંશા કરી હતી.

આ મુલાકાત દરમિયાન ભારતની વાયુસેનાના એર ચીફ માર્શલશ્રી અમર પ્રિત સિંહ, સંરક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી અમિત કિશોરે, કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વેશ્રી કેશુભાઈ પટેલ, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, શ્રી અનિરુદ્ધભાઈ દવે, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા, ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, ભુજ ગ્રામ્ય મામલતદારશ્રી એ.એન.શર્મા, ભુજ શહેર મામલતદારશ્રી ડી.કે.રાજપાલ, સ્મૃતિવન મ્યૂઝિયમના ડીરેક્ટરશ્રી મનોજ પાંડે સહિત જિલ્લા વહીવટીતંત્ર, સંરક્ષણ દળની વિવિધ પાંખોના ઉચ્ચ અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# હિંમતનગર નજીકની સાબરદાણ ફેકટરીમાં કોનુ છે પ્રભુત્વ? કોની રહેમ નજરે માનીતા ઈજારદારે વરસોથી જમાવ્યો અડીંગો?

## સાબરડેરી સંચાલીત સાબરદાણ ફેકટરીમાં કોનુ છે પ્રભુત્વ? ઈજારદારના પ્રભાવથી ડેરીના સત્તાવાળાઓ અંજાઈ ગયા હોવાની ચર્ચા




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

છેલ્લા કેટલાક સમયથી સમગ્ર ગુજરાતમાં પ્રથમ હરોળનુ સ્થાન ધરાવતી સાબરડેરીની પ્રતિષ્ઠાને ખરડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે આ મામલે ડેરીના વર્તમાન સત્તાવાળાઓ જ જવાબદાર હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. દુધ ઉત્પાદકો માટે હાજીપુર સ્થિત સાબરદાણ ફેકટરીમાં રોજે રોજ હજારો ટન દાણનુ ઉત્પાદનુ થઈ રહ્યુ છે ત્યારે તેમાં પણ વરસોથી એક હથ્થુ ઈજારો મેળવતા અને હિંમતનગરમાં રહેતા એક સ્થાનિક રાજકારણીના પ્રભાવથી ડેરીના સત્તાવાળાઓ ચુપ થઈ ગયા હોય તેવુ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સહકારી અગ્રણીઓનુ માનવુ છે. કહેવાય છે કે આ ઈજારદારનો પરીવાર હિંમતનગર નગરપાલિકામાં પણ સદસ્ય તરીકે હોવાને લઈ નગરપાલિકામાં પણ પોતાની મેલી મુરાદો પાર પાડી રહ્યો છે. એક જાણકારના દાવા મુજબ સાબરડેરી સંચાલીત સાબરદાણ ફેકટરીમાં કાચો માલ થતા પેકીંગમાં વપરાતા શણ ના કોથળા હિંમતનગરમાં રહેતો એક યુવાન અને સ્થાનિક રાજકારણીનો પરીવાર વરસોથી સપ્લાય કરી રહ્યા છે. તો બીજી તરફ કાયદા મુજબ ખરીદી અથવા બીનજરૂરી ચીજ વસ્તુઓનો નિકાલ કરવા માટે ટેન્ડર બહાર પાડવુ પડે છે જેમાં રૂપીયા ૫ લાખથી વધુનુ કોઈ ટેન્ડર બહાર પડયા બાદ સરકારે નકકી કરેલ પધ્ધતિ મુજબ ખરીદી કરતા પહેલા જવાબદારોની મંજુરી લેવાની જોગવાઈ છે. પરંતુ સાબરડેરીના ડીરેકટરો અને ઉચ્ચ અધિકારીઓની ભલમનશાહીનો ભરપુર લાભ ઉઠાવીને હિંમતનગરના આ ઈજારદારે વરસોથી અડીંગો જમાવી દીધો હોવાથી તેમની સામે કોઈ હરીફાઈ કરી શકતા નથી તેવુ કેટલાક ઈજારદારોનુ કહેવુ છે.

તો બીજી તરફ સાબરદાણ ફેકટરીમાં જ નહી પણ ગુજરાતની અન્ય ડેરીઓમાં પણ પોતાની રાજકીય વગનો ઉપયોગ કરીને જરૂર પડે આર્થિક વ્યવહાર કરીને ઈજારો મેળવવામાં માહેર ગણાતા હિંમતનગરના આ ઈજારદારે પોતાનુ પ્રભુત્વ સ્થાપીત કરી દીધુ હોવાના પણ આરોપ લાગ્યા છે. જો કે તેમ છતાં જિલ્લા રજીસ્ટ્રાર, રાજય રજીસ્ટ્રાર કે સરકાર કંઈજ કરી શકતી નથી તેવી છાપ પણ ઉપસી રહી છે. વધુમાં એક સહકારી અગ્રણીના કહેવા મુજબ હિંમતનગરના આ ઈજારદારે સાબરદાણ ફેકટરીમાં પોતાનુ ધાર્યુ કરાવવા માટે યેનકેન પ્રકારે પોતાના માણસો ગોઠવી દીધા છે તથા ગુણવત્તા વગરનો કાચો માલ હોય તો પણ ડેરીના કર્મચારીઓ આ ઈજારદાર ના પ્રભાવને કારણે ચુપકીદી સેવી રહ્યા છે તે સમજાતુ નથી. સહકારી અગ્રણીએ વધુમાં કહ્યુ હતુ કે જો આમ જ ચાલશે તો સાબરડેરી સંચાલીત સાબરદાણ ફેકટરીમાં તૈયાર થતા દાણની ગુણવત્તા પર અસર પડે તેવી શકયતાને નકારી શકાતી નથી તેમણે કહ્યુ કે કેટલાક ઉત્પાદકોએ પણ અગાઉ સાબરદાણની ગુણવત્તા અંગે બુમરોળ મચાવી હતી. પરંતુ વિરોધ કરનાર ને ચુપ કરી દેવામાં આવ્યા હતા. દુધ ઉત્પાદકો અને પશુપાલકોનુ હીત જોતા સહકારી અગ્રણીઓએ અવાજ ઉઠાવવાની જરૂર છે. પરંતુ કેટલાક સહકારી અગ્રણીઓ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભુતકાળમાં લાભ લઈ ચુકયા હોવાથી હાલ તેઓ પણ મૌન સેવી રહ્યા છે તેવુ તેમણે જણાવ્યુ હતું.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના ભરોસાપાત્ર મનોજદાસ મીડીયાના જવાબો આપવા માટે કેમ ટાળી રહ્યા છે?

## મનોજદાસ પાસે મુખ્યમંત્રીનો અધિક મુખ્ય સચિવ તેમજ ગૃહ વિભાગનો હવાલો હોવા છતાં વિભાગની કોઈપણ માહિતી આપવા કેમ તૈયાર નથી?



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા જેઓને મુખ્યમંત્રી કાર્યાલયની સમગ્ર જવાબદારી સોંપવામાં આવી છે તેમજ રાજયના ગૃહ વિભાગનો હવાલો પણ મુખ્યમંત્રી દ્વારા સોંપવામાં આવ્યો છે ત્યારે છેલ્લા કેટલાય સમયથી રાજયના મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજદાસ કેમ મીડીયાના જવાબો આપવા માટે ટાળી રહ્યા છે ?

મનોજદાસ પાસે મુખ્યમંત્રી ની મોટાભાગની ફાઈલો તેમની પાસે આવતી હોય છે તેમજ ગૃહ વિભાગની પણ મોટાભાગની ફાઈલો તેમની પાસે આવતી હોય છે ત્યારે મનોજદાસ પાસે એવી તે શી કામગીરી હોય છે કે મનોજદાસ છેલ્લા કેટલામ સમયથી મીડીયાને મળવાનુ ટાળી રહ્યા છે. શું રાજયના મુખ્યમંત્રીના કાર્યાલય કે ગૃહ વિભાગમાં ચાલતી કામગીરી બાબતે મીડીયાને જવાબ આપી શકાય તેમ નથી. તેવા અનેક સવાલો મીડીયાના વર્તુળોમાં ઉઠી રહ્યા છે. મનોજદાસ પાસે જયારે જયારે મીડીયા દ્વારા મળવા માટે સમય માંગવામાં આવે ત્યારે તેમના જવાબદાર અધિકારીઓ દ્વારા મનોજદાસ પાસે હાલમાં મીડીયાને મળવા માટે સમય નથી તેઓ જવાબ મનોજદાસ ના અધિકારીઓ પાસેથી મળી રહ્યો છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે મનોજદાસ પાસે ગૃહ વિભાગની જવાબદારી છે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાને લઈ અવાર નવાર સવાલો ઉઠી રહ્યા છે. તો બીજી તરફ રાજયના ગૃહમંત્રી પણ અવાર નવાર ગૃહ વિભાગમાં થયેલ કામગીરી ની સતત પત્રકારોને માહિતી આપતા હોય છે. ત્યારે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજદાસ કેમ મીડીયાને મળવાનુ ટાળી રહ્યા છે ? શું મનોજદાસ જે કામગીરી કરી રહ્યા છે તે કામગીરીની માહિતી મીડીયાને આપી શકાય તેમ નથી ? શું મનોજદાસ મીડીયાના સવાલોના જવાબ નહી આપી શકે ? શું ગુજરાતમાં આગામી સમયમાં કે મનોજદાસના ફરજ દરમિયાન કોઈ અજુગતુ થઈ તો નથી રહ્યુ ને તેવા અનેક સવાલો મીડીયા વર્તુળોમાં ઉઠી રહ્યા છે.

# આજથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસેઃ ભાજપ પ્રમુખ સહિતની અટકેલી કામગીરીને મળશે વેગ



પ્રતિનિધિ,ગાંધીનગર

ભારત અને પાકિસ્તાન વચ્ચે પહેલગામ હુમલા બાદ ઓપરેશન સિંદુર સહિત કાર્યવાહીને કારણે ભાજપે પોતાના નવા સંગઠનની નવનિયુકિતઓની પ્રક્રિયા સ્થગિત કરી છે. જો કે હવે બંને દેશોએ યુદ્ધ વિરામની જાહેરાત કરતા જ સંગઠનની પ્રક્રિયા હાથ ધરાશે. આ દરમિયાન આજથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અલગ અલગ કાર્યક્રમોમાં હાજરી આપવા માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત ભાજપના પ્રમુખની નિયુકિતને વેગ મળી શકે છે પાછલા અઠવાડીયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રમુખ સીઆર પાટીલ વચ્ચે એક ઔપચારીક બેઠક થઈ હતી તેમાં પણ સંગઠનની પ્રકીયાને લઈને કોઈ ચર્ચા થઈ હોવાની સંભાવના ભાજપના નેતાઓ વ્યકત કરી રહ્યા છે. અમિત શાહ ગુજરાતમાં ભાજપના સંગઠનને લઈને પોતાની મુલાકાત દરમિયાન વિશેષ કોઈ ચર્ચા કરે છે કે કેમ તેના પર સૌની મીટ મંડાઈ છે. પરંતુ હવે ભારત પાકિસ્તાન વચ્ચેની સ્થિતિ બહાલ થતા સંગઠનમાં ફેરફારો આવશે તે નિશ્ચિત મનાય છે. અલબત્ત આ પ્રક્રિયા કરાવવા માટે ભાજપ હાઈકમાન્ડે નિરીક્ષક તરીકે નિમેલા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવની ગુજરાત મુલાકાત જરૂરી છે ભાજપમાં હાલ જિલ્લા અને મહાનગરોના સંગઠનના પ્રમુખો જાહેર થઈ ગયા હોવાથી પ્રદેશ પ્રમુખની નિયુકિત અગાઉ જરૂરી તમામ ઔપચારીકતાઓ પુર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત આગામી સમયમાં ગુજરાતમાં વિધાનસભાની બે બેઠકોની પેટા ચુંટણીઓ અને સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની આવતા વરસ સુધીમાં આવનારી ચુંટણીઓ અગાઉ નવા પ્રદેશ પ્રમુખ આવી શકે છે. સંગઠનના વર્તમાન હોદ્દેદારો પણ શાહની મુલાકાતને મહત્વનુ માની રહ્યા છે. અમિત શાહ ના બે દિવસીય કાર્યક્રમો થયા જાહેર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા. ૧૭ મી શનિવારે ગાંધીનગરના વાવોલ અને કોલવડામાં આરોગ્ય કેન્દ્રનુ લોકાર્પણ , ગાંધીનગરમાં સેકટર ૨૧ અંડરબ્રીજનુ ઉદ્ઘાટન, કોલવડામાં તળાવનુ ઉદ્ઘાટન, તેમજ અન્ય જાહેર પ્રકલ્પોનુ ખાતમુહુર્ત કરશે. તો બીજી તરફ તા. ૧૮ મી ને રવિવારે ગુજરાત રાજય સહકારીતા સંઘ સંમેલનમાં હાજરી આપશે. તેમજ સાયન્સ સીટી અમદાવાદ, નર્સિંગ કોલેજનુ ઉદ્ઘાટન ગોઝારીયા, મહેસાણા એગ્રો ફુડ પ્રોસેસીંગ યુનિટ નુ લોકાર્પણ, સાદરા તેમજ મહેસાણા ખાતે પલ્લવ ઓવર બ્રીજનુ ઉદ્ઘાટન કરશે તેમજ પાલિકાના અન્ય કામોનુ પણ લોકાર્પણ કરવાના છે.

# સોફીયા કુરેશી વિરૂધ્ધ બફાટ કરનાર ભાજપ નેતાઓ સામે કોંગ્રેસનુ વિરોધ પ્રદર્શન

## રાજકોટ મનપાના કોર્પોરેટર અને મધ્ય પ્રદેશ સરકારના મંત્રી સામે કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશ રાજપુતની આગેવાની હેઠળ ભારતીય જનતા પાર્ટીના મધ્ય પ્રદેશ સરકારના મંત્રી વિજય શાહ અને રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટર ચેતન સુરેજા વિરૂધ્ધ પ્રદર્શન યોજાયુ હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ મહેશભાઈ રાજપુતે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે સમગ્ર ભારત દેશની જનતા જયારે ભારત દેશના વરીષ્ઠ સૈન્ય અધિકારી કર્નલ સોફીયા કુરેશીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી રહી છે ત્યારે ભાજપના મધ્ય પ્રદેશ સરકારના મંત્રી વિજય શાહે ભારત દેશની જાંબાજ દિકરી ઉપર અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા છે. ત્યારે મધ્ય પ્રદેશ હાઈકોર્ટે પણ ફકત ૪ કલાક માં જ એફઆઈઆર નોંધવા અને ગુન્હો દાખલ કરવા હુકમ કરેલ હોવા છતાં ભાજપ સરકાર શા માટે મૌન છે ? સામાન્ય વ્યકિત કે ભાજપ સિવાયના અન્ય રાજકીય પક્ષના આગેવાનોને જો વિજય શાહ જેવા શબ્દો ઉચ્ચારી અને ભારતની દિકરીનુ અપમાન કર્યુ હોત તો તાત્કાલીક સેકન્ડોમાં ગુન્હો દાખલ થઈ ગયો હોત અને ધરપકડ પણ મોટી મોટી કલમો લગાડી કરી દીધી હોત. ભાજપની બેવડી નિતીઓ કયાં સુધી ભારતની પ્રજાએ સહન કરવાની છે ? વિજય શાહ સામે સુપ્રિમ કોર્ટે પણ આકરી ટીકા કરી છે પણ ૩૬ ની છાતી વાળા કેમ ચુપકીદી સાધી બેઠા છે ? રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાએ સોશીયલ મીડીયામાં એક મેસેજ મુકયો હતો કે ૨૪૦ સીટ માં આટલુ જ યુદ્ધ જોવા મળે આખુ યુદ્ધ જોવા ૪૦૦ સીટ આપવી પડે, ભાજપ કોર્પોરેટર ચેતન સુરેજાએ ચેષ્ટા કરી છે અને ભારત દેશના નાગરીકોનુ અને સૈન્યનુ અપમાન કર્યુ છે.

# રાજસ્થાનના ઉદેપુરમાં ફાટી નિકળેલા કોમી તોફાનો : ભીષણ તલવારબાજી અને આગચંપીને લઈ સમગ્ર ઉદેપુર શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજસ્થાનના ઉદેપુરમાં બે જુથ્થો વચ્ચે અથડામણ થઈ છે આ સમયગાળા દરમિયાન તલવારબાજી અને આગચંપી થઈ હતી હાલમાં આ વિસ્તારમાં શાંતિ છે પરંતુ આખુ શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ છે. બદમાશોની ઓળખ કરવામાં આવી રહી છે અને બાદમાશોને શોધવા પોલીસ ઠેર ઠેર દરોડા પાડી રહી છે તો કેટલાક લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. ગુરૂવારે ગઈ કાલે ૧૫ મે ના રોજ તીજ કા ચોક વિસ્તારમાં શાકભાજી ખરીદવા મામલે એક નાનો વિવાદ થયો હતો ત્યારે આ મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બે યુવાનો વચ્ચે શરૂ થયેલો ઝઘડો મોટી ઉગ્ર બોલાચાલી સાથે બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ માં ફેરવાઈ ગયો હતો. આ સમય દરમિયાન તલવારબાજી અને પથ્થરમારો તેમજ આગચાંપના બનાવો બન્યા હતા. જેમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પરીસ્થિતિ બગડતી અટકાવવા પોલીસે સમગ્ર શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દીધુ છે. અને ભારે સુરક્ષાદળો તૈનાત કરી દેવામાં આવ્યા છે. પોલીસને અથડામણની માહિતી મળતા જ ધનમંડી પોલીસ સ્ટેશન વિસ્તાર સહિત ૪ પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. જિલ્લા પોલીસવડા ના નેતૃત્વમાં સમગ્ર રાત દરમિયાન પોલીસે કાબુ મેળવી લીધો હતો. હિંસા બાદ મોટાભાગના સ્થળે તોડફોડ કરવામાં આવી હતી અને વાહનોને આગ લગાડી દેવામાં આવી હતી.

# ગુજરાતમાં હવે પાલતુ કુતરાઓનુ રજીસ્ટ્રેશન ૩૧ મે સુધી ફરજીયાત કરાવવુ પડશે




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના હાથીજણ વિસ્તારમાં એક સોસાયટીમાં ૪ મહિનાની બાળકી પર પાલતુ કુતરાએ હુમલો કર્યો હતો. આ હુમલામાં બાળકીનુ મોત થયા બાદ પોલીસે કાર્યવાહી કરી અને કુતરાને પકડી લીધો તેમજ માલીકની પણ ધરપકડ કરી છે.

આ ઘટનાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશને શહેરમાં ઘરે કુતરા રાખનારા લોકો માટે તેમનુ રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત બનાવ્યુ છે. મ્યુનીસીપલ કોર્પોરેશને લોકોને ૩૧ મે સુધીમાં પોતાનુ રજીસ્ટ્રેશન કરાવવાનો નિર્દેશ આપ્યો છે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશને બધા કુતરા માલીકોને પોતાનુ રજીસ્ટ્રેશન કરાવવાનો આદેશ આપ્યો છે. એક અંદાજ મુજબ અમદાવાદ શહેરમાં લગભગ ૫૦ હજાર પાલતુ કુતરા છે, પરંતુ ફકત ૫,૫૦૦ લોકોએ તેમના કુતરાઓની નોંધણી કરાવી છે. જેમણે નોંધણી નથી કરાવી તેમણે ૩૧ મે સુધીમાં નોંધણી ફરજીયાત કરાવવી પડશે નહીતર તપાસ દરમિયાન કોર્પોરેશન દ્વારા દંડ ફટકારવામાં આવશે. કુતરા માલીકોએ યાદ રાખવા જેવી બાબતોમાં (૧) જો તમારી પાસે કુતરો છે તો તેને હડકવા સામે રસી અપાવો (૨) અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ઉપર જાઓ અને તમારા કુતરાનુ ઝડપીથી રજીસ્ટ્રેશન કરાવો (૩) આ માટે કોર્પોરેશન દ્વારા નિર્ધારીત ફી ચુકવવાની રહેશે (૪) એકવાર નોંધણી મર્યાદા સમાપ્ત થઈ જાય પછી તેને ફરીથી રીન્યુ કરાવવી પડશે.નોંધણી કરાવવા માટેના નિયમો તરફ નજર કરીએ તો (૧) કુતરાના રજીસ્ટ્રેશન માટે તમારે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન વેબસાઈટ **ahmedabadcity.gov.in** ખોલવી પડશે. (૨) પછી લીંક પર કલીક કરો (૩) કુતરાના માલીકનુ નામ અને મોબાઈલ નંબર દાખલ કરો (૪) ફોન પર એક ઓટીપી મોકલવામાં આવશે (૫) પછી પાલતુ કુતરા નોંધણી પર કલીક કરો (૬) પાલતુ કુતરાના માલીકની વિગતો ભરો જેમ કે સરનામુ, ફોન નંબર, કુતરાનો પ્રકાર અને તેની ઉંમર વગેરે (૭) પાલતુ કુતરાના માલીકના ઓળખ પુરાવો રજુ કરવો આવશ્યક છે (૮) ત્યારબાદ તમે નિશ્ચિત ચાર્જ ચુકવીને નોંધણી કરાવી શકો છો.

નોંધણી માટે જરૂરી ડોકયુમેન્ટમાં (૧) ચુંટણીકાર્ડ (૨) કર બીલ (૩) લાઈટ બીલ (૪) ફોટો ગ્રાફ (૫ ) પાલતુ કુતરાનો ફોટો (૬) પાલતુ કુતરાને જયાં રાખવામાં આવ્યો હોય તે સ્થળનો ફોટોગ્રાફ

# ગુજરાતમાં ગન લાયસન્સ ઉપર મુકાયો પ્રતિબંધ : ગૃહ વિભાગે ૫૦૦ જેટલા ગન લાયસન્સ રદ કર્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગન લાયસન્સ હવે મળશે નહી વાસ્તવમાં ગુજરાતમાં ગન લાયસન્સ પર ગૃહ વિભાગ દ્વારા પ્રતિબંધ લગાડી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગૃહ વિભાગે વર્તમાન ૫૦૦ ગન લાયસન્સ રદ કર્યા છે, આ સાથે ગન લાયસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમિક્ષા કરી છે.

બિનજરૂરી ગન લાયસન્સ સંદર્ભે ગૃહ વિભાગની સમિક્ષા બાદ વધુ ગન લાયસન્સ રદ થવાની સંભાવના છે. તાજેતરમાં જ આ ગન લાયસન્સનો મુદ્દો ખુબ ચગ્યો હતો. રાજયના ગૃહ વિભાગે એક સાથે વર્તમાન ૫૦૦ જેટલા ગન લાયસન્સ રદ કર્યા છે.

વિગતો મુજબ ગુજરાત સરકારે નવા ગન લાયસન્સ પર બ્રેક લગાવી છે. ગન લાયસન્સ બાબતે રાજય સરકાર ગંભીર વિચારણા શરૂ કરી છે. વર્ષ ૨૦૧૬ માં ૬૦,૭૮૪ લાયસન્સ અને વર્ષ ૨૦૨૩ માં ૬૭,૩૦૮ ગન લાયસન્સ ઈસ્યુ થયા હતા. હવે રાજય સરકારે ગન લાયસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમિક્ષા શરૂ કરી છે આ સાથે નવા લાયસન્સ પર બ્રેકની સાથે વર્તમાન લાયસન્સની સમિક્ષા કરાશે. જો કે ગૃહ વિભાગની સમિક્ષા બાદ વધુ ગન લાયસન્સ રદ થવાની સંભાવના નકારી શકાય નહી.

# હાલમાં ઈ-કેવાયસી કરનાર રેશનકાર્ડ ધારકને જુન મહિનાનુ અનાજ નહી મળે

## મે-જુન મહિનાનો જથ્થો ઈ-કેવાયસી વાળા ગ્રાહકોને ગણી ફાળવી દેવાતા યોગ્ય પગલા ભરવાની માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેર ફેર પ્રાઈસ શોપ એસોસીએશન દ્વારા ઈ-કેવાયસી બાબતે રેશનકાર્ડ ધારકો અને સસ્તા અનાજના દુકાનદારોને પડતી હાલાકી બાબતે એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે રાજય સરકાર દ્વારા દરેક રેશનકાર્ડ ધારકોનુ ઈ-કેવાયસી ફરજીયાત કરવામાં આવ્યુ છે. ચાલુ માસ એટલે કે મે ૨૦૨૫ માં મળતો રેશનનો જથ્થો જે લોકોને ઈ-કેવાયસી થયુ છે તેઓને જ મળશે. જે લોકોનુ ઈ-કેવાયસી નથી થયુ તેઓને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ પ્રધાનમંત્રી ગરીબ જનકલ્યાણ યોજના હેઠળ મળતા મફત રાશનના જથ્થાથી વંચીત રહેવુ પડશે.

ગરીબ અને અભણ રેશનકાર્ડ ધારકો સરકારની ઈ-કેવાયસી જેવી પધ્ધતિઓથી અજાણ હોય છે. વળી અમુકના આધારકાર્ડ ન નિકળતા હોય કોઈના આધારકાર્ડ માં મોબાઈલ નંબરનુ મેપીંગ ન હોય આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર મેપીંગ કરવા માટે ફીંગર કેપ્ચર ન થતા હોય જેવી વિવિધ સમસ્યાઓના કારણે વર્તમાનમાં ગુજરાતમાં લગભગ ૩૦ ટકા જેટલા રેશનકાર્ડ ધારકોનુ ઈ-કેવાયસી બાકી છે આમ રાજયના લગભગ અઢી લાખ રેશનકાર્ડ ધારકો ઈ-કેવાયસી અભાવે જથ્થાથી વંચીત રહેશે તેવુ આજે શુક્રવારે રાજયના પુરવઠા મંત્રીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું. જેમાં મંત્રી દ્વારા એવુ કહેવામાં આવ્યુ હતુ કે જે લોકો ઈ-કેવાયસી કરાવશે તેઓને અનાજ મળશે પરંતુ ચાલુ માસ દરમિયાન મે તથા જુન એમ બે મહિનાનો અનાજનો જથ્થો એક સાથે વિતરણ કરવાનો હોય તા. ૧૩ મે ના રોજ જુન માસની પરમીટ પણ ફાળવી આપવામાં આવી છે જેમાં જે લોકોનુ ઈ-કેવાયસી નથી થયુ તેવા કાર્ડ ધારકોનુ અનાજ દુકાનદારોને ફાળવવામાં આવ્યુ નથી આમ વિસંગતતા પણ સરકારે દુર કરવી જોઈએ. જે લોકો શિક્ષિત અને જાગૃત છે અને થોડી ઘણી સગવડતાઓ ધરાવે છે તેઓએ ઈ-કેવાયસી કરી લીધુ છે પરંતુ જે લોકો અતિ જરૂરીયાતમંદ છે અને મુખ્ય ધારા સાથે જોડાયેલા હોતા નથી ફકત આવાજ ગરીબો અને મજુરોના રેશનકાર્ડ નુ ઈ-કેવાયસી બાકી રહ્યુ છે માટે આ પ્રકારના છેવાડાના લોકોનુ તાત્કાલીક ઈ-કેવાયસી કરવામાં આવે એવી પધ્ધતી ગોઠવીને સરકારે તેઓને મળવાપાત્ર અનાજનો જથ્થો સમયસર મળી રહે તેવી તકેદારી સરકારે લેવી જોઈએ. ખાસ કરીને આવી પરીસ્થિતિમાં દુકાનદારો અને કાર્ડ ધારકો વચ્ચે ઘર્ષણ થતુ હોય છે જેને નિવારી શકાય તેવી પણ રાજકોટ શહેર ફેર પ્રાઈસ એસોસીએશન દ્વારા માંગ કરવામાં આવી છે.